



# આ વર્ષે કુદરતી આપત્તિઓ અને રાજકીય ઊથલપાથલો થશે

વર્ષ 2025ની કુંડળી અનુસાર આ વર્ષના રાજા સૂર્ય છે. આ સાથે આ વર્ષે શનિ, ગુરુ, રાહુ-કેતુ સહિત કેટલાયે મોટા ગ્રહોનું પરિવર્તન પણ થવાનું છે. આવામાં ગ્રહોની ચાલ દર્શાવી રહી છે કે, વર્ષ 2025 કેટલીયે મોટી ઘટનાઓનું સાક્ષી બનશે. આ વર્ષે કુદરતી આપત્તિઓથી લઇને રાજકીય ઊથલપાથલ જોવા મળશે. બીજી તરફ વર્ષ 2025માં દેશથી લઇને વિદેશ સુધી કઇ મોટી ઘટનાઓ ઘટી શકે છે તે જોઇએ. વર્ષ 2025 કેટલાય કેસમાં વિચિત્ર થશે. એવું અમે નહીં પરંતુ વર્ષ 2025ની વાર્ષિક કુંડળી બતાવે છે. વાર્ષિક કુંડળીના અભ્યાસ અનુસાર આ વર્ષે ગ્રહોનો રાજા મંગળ હશે અને એપ્રિલ 2025 બાદ સૂર્ય થઇ જશે. સાથે જ આ વર્ષમાં 'શનિ'નું રાશિ પરિવર્તન થઇ રહ્યું છે. તેની સાથે આ વર્ષે 'ગુરુ' રાશિ પરિવર્તન કરતાં કરતાં 'મિથુન રાશિ'માં જશે. અતિચારી થવાના કારણે કર્ક રાશિમાં પણ આ વર્ષે પ્રવેશ કરશે. સાથે જ 'કેતુ'- 'સિંહ રાશિ'માં ગોચર કરશે અને 'રાહુ' 'મીન રાશિ'માંથી નીકળીને કુંભ રાશિમાં પ્રવેશ કરશે.ગ્રહોના આ મોટા બદલાવના કારણે વર્ષ 2025 વચ્ચે કેટલીયે મોટી ઘટનાના તેઓ સાક્ષી બનશે. આ વર્ષે બે વાર 'ખપ્પર યોગ' પણ બની રહ્યો છે, જે પ્રતિકૂળ ફળદાયી રહેશે. આવો.... જાણીએ કે વર્ષ 2025માં થનારી મોટી ઘટનાઓ વિશે, જેનાથી દેશ અને દુનિયા કેવી પ્રભાવિત થશે.

**વર્ષ 2025માં પક્ષ અને વિપક્ષમાં તનાવપૂર્ણ રહેશે-** વર્ષ 2025માં ગ્રહોની સ્થિતિ જોતાં ભારતીય રાજકારણમાં સત્તા પક્ષ વધારે પ્રભાવશાળી દેખાશે. સાથે જ પક્ષ અને વિપક્ષ વચ્ચે સતત તનાવપૂર્ણ વાતચીત, વૈમનસ્ય વધતાં જશે. તેની સાથે સાથે આરોપ-પ્રતિ આરોપનું સ્તર પણ નીચે જતું જોવા મળશે.

**લોકોની રુચિ અધ્યાત્મમાં વધશે -** ગ્રહોની અલગ-અલગ યુતિ યોગ થવાથી વર્ષ 2025માં લોકોમાં આક્રોશ અને ક્ષોભ વધશે. લોકો અધ્યાત્મ અને ધર્મ કર્મ તરફ વધારે રુચિ રાખશે. આ વર્ષે દેશમાં કેટલાંયે મોટાં ધાર્મિક આયોજન જોવા મળશે.

વર્ષ 2025માં લૂંટફાટની ઘટનાઓમાં વધારો થશે

ગ્રહોની સ્થિતિ બતાવે છે કે દેશના કેટલાયે ભાગોમાં આવેશ અને ઉત્તેજનાને કારણે જનતા હેરાન-પરેશાન થઇ શકે છે. લોકો વચ્ચે અંદરોઅંદર સમજદારીનો અભાવ જોવા મળશે. સરકાર કઠોર નીતિ લાવશે. આમ છતાં લૂંટફાટ, ચોરી અને અપરાધની ઘટનાઓમાં પણ વધારો થશે.

**વર્ષ 2025માં રાજકારણ અસ્તવ્યસ્ત જોવા મળશે**

વર્ષ 2025માં દેશના કેટલાયે ભાગોમાં મોટી રાજકીય ઊથલપાથલ જોવા મળશે. કેટલાંયે રાજ્યોમાં સત્તા પરિવર્તનની ઘટનાઓ પણ બનશે. ખાસ કરીને જૂનથી ઓક્ટોબરનો સમય વિચિત્ર બની શકે છે. જેમાં ઘટનાઓથી દુનિયા હેરાન થઇ શકે છે. બીજી તરફ 15 માર્ચથી 11 જૂન સુધી ખપ્પર યોગ બનશે. ત્યાર બાદ 11 જુલાઇથી લઇને 7 ઓક્ટોબર સુધી ખપ્પર યોગ બનશે.

**2025માં અમેરિકા-રશિયાના સંબંધો તનાવપૂર્ણ થઇ શકે છે**

આ વર્ષે અમેરિકા-રશિયા વચ્ચેના સંબંધો વધારે તનાવપૂર્ણ થશે. પશ્ચિમ એશિયા અને યુરોપમાં યુદ્ધની સ્થિતિ ગંભીર થઇ શકે છે. માર્ચ અને મે મહિનામાં અમેરિકા, ઇરાન, લેબનાન, સીરિયા, ઇઝરાયલ, ચીન સહિત કેટલાયે યુરોપીય દેશોમાં સ્થિતિ ઘણી વિકટ થઇ શકે છે જેનાથી વિશ્વ રાજકીય પર વ્યાપક અસર જોવા મળશે.

જળવાયુ પરિવર્તનથી વર્ષ 2025માં તકલીફો-મુશ્કેલીઓ વધશે આ વર્ષે મે થી જુલાઇ વચ્ચે ક્રુડ ઓઇલની કિંમતમાં અચાનક વધારો થઇ શકે છે અને કોઇ જગ્યાએ દુકાળ તો ક્યાંક જળપ્રલયની સ્થિતિ બની શકે છે. ક્રુડ ઓઇલમાં વધારા સાથે સાથે પેટ્રોલ-ડિઝલના દામમાં પણ વધારો થઇ શકે છે. ગરમીમાં અને જળવાયુ પરિવર્તનના કારણે પણ જનતાને પરેશાની થઇ શકે છે. જગ્યા-જગ્યાએ કેટલાયે પ્રકારની કુદરતી આપત્તિઓ આવી શકે છે !

**આંખો સંબંધિત સમસ્યા 2025માં થઇ શકે છે!**

આ વર્ષે 'સૂર્યનો પ્રભાવ' વધારે હોવાના કારણે જ્યોતિષ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ કર્યો છે કે, જે વર્ષમાં સૂર્ય રાજા હોય છે તે વર્ષે લોકોમાં આંખો સંબંધિત રોગો થવાની સંભાવના વધી જાય છે. વર્ષ 2025ના રાજા સૂર્ય હોવાના કારણે આંખો સંબંધિત રોગોમાં વધારો થઇ શકે છે. આ ઉપરાંત હૃદયરોગીઓની સંખ્યામાં પણ આ વર્ષે વધારો થવાની શકયતા છે!

**2025માં આંખ સંબંધિત સમસ્યાઓ અને હૃદયરોગો વધુ થવાની શકયતા છે જૂનથી ઓકટોબરનો સમય વિચિત્ર બની શકે છે**

કાળચક્ર
યજ્ઞાનંદ

# માઘ માસમાં વિધિપૂર્વક શ્રી હરિ, મા લક્ષ્મી અને તુલસીજીની પૂજા કરવાથી સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે!

હિંદુ કેલેન્ડર અનુસાર માઘ માસ 14 જાન્યુઆરીથી પ્રારંભ થઇ ગયો છે. આ મહિનો આધ્યાત્મિક અને ધાર્મિક દૃષ્ટિએ અત્યંત શુભ માનવામાં આવે છે. માઘની શરૂઆત સાથે જ ખરમાસનું સમાપન પણ થાય છે જેના કારણે લગ્ન, વિવાહ, મુંડન, જનોઇ, ગૃહ પ્રવેશ, સગાઈ અને નવી ગાડી અથવા વાહનની ખરીદી જેવાં શુભ કાર્ય આરંભ થાય છે. આ મહિનામાં ભગવાનની પૂજા અને જરૂરિયાતવાળાને દાન આપવાનું વિશેષ મહત્ત્વ છે. માઘ માસને સનાતન ધર્મમાં અત્યંત શુભ માનવામાં આવે છે. આ વિશેષ મહિનામાં સ્નાન, દાન, વ્રત અને તપનું વિશેષ મહત્ત્વ હોય છે. ધાર્મિક પરંપરા અનુસાર માઘ માસમાં વિધિપૂર્વક શ્રી હરિ, મા લક્ષ્મી અને તુલસી માતાની પૂજા કરવાથી સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે. આવો જાણીએ કે, માઘ માસમાં કયાં કાર્યો કરવાં જોઈએ. હિંદુ પંચાંગ અનુસાર માઘ મહિનાની શરૂઆત દર વર્ષે મકરસંક્રાંતિના દિવસે થાય છે. આ વર્ષે માઘ મહિનો 14 જાન્યુઆરી 2025 થી પ્રારંભ થઇ ચૂકયો છે અને 12 ફેબ્રુઆરી 2025 રોજ સમાપ્ત થશે.માઘ માસમાં દરરોજ ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની આરાધના કરવી જોઈએ. શકય હોય તો નાનો વિષ્ણુ યાગ ઘરમાં કરવો જોઈએ. સાથે સાથે માતા લક્ષ્મીજીનો શ્રીસૂકતના પાઠથી ઉત્તમ પૂજા-હવન જાણકાર પાસે કરાવવો જોઈએ. ભગવાન વિષ્ણુ-લક્ષ્મીનો આ પ્રિય મહિનો છે તેથી તેનું ફળ સો ટકા મળે. આ મહિને વિશેષ વસ્તુઓનું દાન કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પૂજા સમયે ગીતાનો પાઠ અવશ્ય કરવો જોઈએ. માઘ માસમાં શુભ તિથિઓ પર પવિત્ર નદીઓમાં સ્નાન કરવું લાભકારક હોય છે. આ સિવાય માઘ મહિનામાં દરરોજ તુલસી માતાની પૂજા કરવી પણ આવશ્યક છે.

## માઘ માસમાં તલના સેવનથી ફાયદો થશે !

માઘ માસ દરમિયાન તલનું સેવન પૌરાણિક માન્યતાઓ અનુસાર અત્યંત શુભ માનવામાં આવે છે. આ સમયે ભગવાનને તલનું અર્પણ અને દાન કરવું પણ આવશ્યક છે. આ માસમાં દરરોજ ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી માઘ માસનાં બધાં પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે. તેની સાથે જ એ પણ માનવામાં આવે છે કે, તેનાથી જીવનનાં બધાં કષ્ટ સમાપ્ત થઇ જાય છે.

## માઘ ગુપ્ત નવરાત્રિ

ગુપ્ત નવરાત્રનું વ્રત અત્યંત શુભ માનવામાં આવે છે. પરંતુ એ વિષયમાં જાણકારી ઘણાં ઓછાં લોકો પાસે હોય છે. જે લોકો આ વ્રતનું પાલન કરે છે, તે નવ દિવસ અને નવરાત્રિ સુધી કઠોર ઉપવાસ રાખે છે


માઘ માસની ગુપ્ત નવરાત્રિમાં દસ મહાવિદ્યાઓની પૂજા કરવામાં આવે છે.

અને શ્રદ્ધાની સાથે દેવી દુર્ગાની પૂજા કરે છે. જાણકારી માટે એ ઉલ્લેખનીય છે કે, નવરાત્ર વર્ષમાં ચાર વાર ઊજવવામાં આવે છેઃ ચૈત્ર અને શારદીય નવરાત્રિ. શેષ બેઃ માઘ અને અષાઢ દરમિયાન થાય છે. જેને ગુપ્ત નવરાત્રના નામથી ઓળખાય છે.

માઘ ગુપ્ત નવરાત્રિનો આરંભ માઘ માસના સુદ પક્ષની એકમ તિથિથી થાય છે. ગુપ્ત નવરાત્રિ દરમિયાન 10 મહાવિદ્યાઓની પૂજા કરવામાં આવે છે. જયારે ચૈત્ર અને શારદીય નવરાત્રિમાં મા દુર્ગાનાં 9 સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. બધી નવરાત્રિઓની શરૂઆત કળશ સ્થાપનાથી થાય છે. તાંત્રિક અને અઘોરી ગુપ્ત નવરાત્રિમાં તંત્ર-મંત્રની સિદ્ધિ માટે સાધના કરે છે.

**શ્રી હરિ વિષ્ણુ ભગવાનના પુરુષ સૂકત અને શ્રીસૂકતના પાઠથી પૂજન હવન ઘરે કરવાથી દુઃખ કષ્ટ શીઘ્ર દૂર થાય.**

## કલશ સ્થાપનાનું શુભ મુહૂર્ત

30 જાન્યુઆરી 2025ના રોજ માઘ ગુપ્ત નવરાત્રિની કલશ સ્થાપનાનો શુભ આરંભ થશે જે સવારે 9:25 થી 10:46 મિનિટ સુધી રહેશે.

બીજું શુભ મુહૂર્તઃ બપોરે 12:13 મિનિટથી બપોરે 12:56 મિનિટ સુધી રહેશે. માઘ માસ સનાતન ધર્મનો એક મોટો પવિત્ર મહિનો છે. દાન-પુણ્યઃ આ મહિને દાનનું વિશેષ મહત્ત્વ છે. અન્ન, વસ્ત્ર, તલ, ગોળ, ઘી, ગરમ કપડાંનું દાન કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે.

સૂર્ય દેવની પૂજા માટે આ મહિનો બહુ જ શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, આ માસમાં સૂર્યોદયથી પહેલાં સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. માઘ માસમાં શુકલ (સુદ) અને કૃષ્ણ (વદ) પક્ષની એકાદશી પણ બહુ જ કલ્યાણકારી અને ફળદાયી માનવામાં આવે છે.આ માસમાં ભાગવત કથા, રામાયણ અને ગીતાનો પાઠ કરવો શુભ હોય છે. ધાર્મિક માન્યતા અનુસાર માઘના મહિનામાં ભગવાન વિષ્ણુ, માતા લક્ષ્મી અને સૂર્યદેવની પૂજા કરનાર જાતકનાં બધાં કષ્ટ દૂર થઇ જાય છે તથા તેને સુખ અને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. જયોતિષશાસ્ત્ર અનુસાર પૂનમ પર મઘા નક્ષત્ર હોવાના કારણે ઋષિ-મુનિઓએ આ મહિનાનું નામ 'માઘ' રાખ્યું હતું.આ મહિનામાં હિંદુ ધર્મનાં કેટલાંયે મુખ્ય વ્રત અને તહેવાર જેવા કે વસંત પંચમી, ષટતિલા એકાદશી, ગુપ્ત નવરાત્ર આવે છે. જેમાં તીર્થ સ્નાન, દાન અને પૂજા-પાઠ કરવાથી વ્યક્તિ જન્મ-મરણનાં બંધનોમાંથી મુકત થાય છે તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. પદ્મ પુરાણ અનુસાર એવું કહેવાયું છે કે, માઘ મહિનામાં જપ, હોમ, દાનનું વિશેષ વિધાન અને મહત્ત્વ છે. આ મહિનામાં કરેલાં ધાર્મિક અનુષ્ઠાન અને માંગલિક કાર્ય સિદ્ધ થાય છે.

ચંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

**આ વર્ષે માઘ મહિનો 14 જાન્યુઆરીથી શરૂ થઇ ગયો છે અને 12 ફેબ્રુઆરી 2025ના રોજ સમાપ્ત થઇ જશે!**

## માઘ મહિનામાં શું કરવું જોઇએ?

માન્યતાઓ અનુસાર માઘ માસમાં દર શનિવારે કાળી અડદ અને કાળા તલનું દાન કરવું શુભ માનવામાં આવે છે. તેનાથી જાતકને ભગવાન શનિદેવની કૃપા પ્રાપ્ત થાય છે. સાથે જ કંગાળતામાંથી છુટકારો મળે છે.

શાસ્ત્રો અનુસાર માઘ માસમાં દરરોજ શિવલિંગને કાળા તલ અને જળથી અભિષેક કરવો અને મંત્રોના જાપ કરવાથી વ્યક્તિને રોગ-દોષોમાંથી છુટકારો મળે છે. માઘ માસમાં સ્નાન કરવાથી પાપ કર્મોમાંથી મુક્તિ મળે છે. પંચાંગ અનુસાર વર્ષના અગિયારમા ચંદ્ર માસ અને દસમા સૌર માસને માઘ કહે છે. ભગવાન તક દરેકને આપે છે, તેથી ભગવાન વિષ્ણુની કૃપા મેળવી વ્યક્તિ જીવન-મરણના ચક્રમાંથી મુક્ત થઇ શકે છે.

# સાસુ-વહુના ઝઘડાને દૂર કરવાના ઉપાયો

સાસુ અને વહુના સંબંધમાં મોટા ભાગે તણાવનું જ વાતાવરણ રહે છે. ખેંચતાણ થતી રહે છે. તેમની વચ્ચે બોલાચાલી ચાલતી જ રહે છે. કેટલીયે વાર નાની નાની વાતોમાં ચડભડ થઇ જાય છે! પછી તે કેસ ફરિયાદ થતાં સુધી ચાલે છે. તેને દૂર કરવા માટે કેટલાયે ઉપાયો બતાવવામાં આવ્યા છે, જેને બંને જણ પોત-પોતાના માટે કરી શકે છે. આ ઉપાયોની મૂળ વાત તેમની વચ્ચે એક-બીજા પ્રત્યે આકર્ષણની ભાવના જાગૃત કરવી અથવા વશીકરણ છે. હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર જયારે કોઇ સુહાગન સ્ત્રીનું નિધન થાય છે ત્યારે તેને વૈતરણી પાર કરાવવા માટે તેની સાસુ અને સાસુની સાસુ આવે છે અને સ્વર્ગનો માર્ગ સરળ બનાવે છે. આ કારણે દરેક પરણેલી સ્ત્રીને પોતાની સાસુની સાથે સારાં કર્મ કરવાં અને વર્તાવ કરવાની સલાહ આપવામાં આવે છે. તેમને એક-બીજાની ખામીઓ કાઢવા સિવાય એક બીજાની સમસ્યાને ઉકેલ લાવવો જોઈએ.

સાસુ-વહુ વચ્ચે ઝઘડા અથવા અંદરોઅંદર થતી ટકાટકને કેટલાક સાધારણ ટુચકાથી પણ દૂર કરી શકે છેઃ વહુની નજરમાં કર્કશા સાસુ અથવા પછી સાસુની અંદર વાચાળ અને પોતાની મનમાની કરનારી વહુ. નીચે આપેલા ઉપાયોથી સાસુ વહુના ઝઘડા સમાપ્ત થઇ જાય છે અને તેમની વચ્ચે હંમેશા પ્રેમ જળવાઈ રહે છે.જો કોઇ સ્ત્રીને નાની-નાની ઘરેલું વાતોમાં પણ પોતાની સાસુની ડાટ સાંભળવી પડતી હોય.. એટલું જ નહીં, જેનાથી ઝઘડાનું પણ વાતાવરણ બની જાય છે તો આવી સ્થિતિમાં વહુએ સાસુની સામે દરરોજ કપાળ પર કેસર અથવા હળદરનું તિલક (ચાંલ્લો) કરીને જવું. આ ચાંલ્લો કરવાની શરૂઆત સુદ પક્ષના પહેલા ગુરુવારથી કરવી જોઈએ.

જો સાસુને લાગે છે કે, તેની વાતોને વહુ ધ્યાન નથી આપતી તેને ઇજ્જત નથી આપતી અથવા ઝઘડા પર ઊતરી જતી હોય તો સાસુએ પોતાના ગળામાં ચાંદીની ચેન પહેરીને વહુની સામે જવું જોઈએ.

વહુ જો 12 લાલ અને 12 લીલી બંગડીઓ પોતાની સાસુને ભટ આપે તો તેનાથી સાસુ સાથે મધુર સંબંધ થઇ જાય છે.

ઘરનું વાતાવરણ અનુકૂળ બનાવવા માટે સાસુ અથવા વહુએ દરેક મંગળવારે મંદિર બહાર બેઠેલાં ગરીબોને સોજીનો શીરો વહેંચવો. જો આ કામ બંને મળીને કરવામાં આવે તો તેમના વચ્ચે વેરઝેરવાળો અને કારણ વગરનો તણાવ સમાપ્ત થઇ જાય છે. એક વધુ બીજો ઉપાય છે કે બંને એકબીજાને ખાવાની સફેદ વસ્તુની લેણદેણ ના કરવી.

સાસુ-વહુ પોતાની વચ્ચેના સંબંધને મધુર બનાવી રાખવા ચાંદીનો એક ચોરસ ટુકડો પોતાની પાસે રાખવો. આ આકારની વગેરે નંગ વગરની વીંટી કે લોકેટ પણ પહેરી શકાય.

સૂર્યોદયથી પહેલાં ઊઠીને વહુ દ્વારા ઘરમાં ઝાડુ લગાડવું જોઈએ. ઘરની સાફ-સફાઈ સંબંધિત આ કામ માટે બંને દ્વારા વારાફરતી કરવું જોઈએ. વહુ દ્વારા સવારે શીઘ્ર ઊઠીને ભગવાન સૂર્યને ગોળ મેળવેલું પાણી અર્પણ કરવું જોઈએ. આ દરમિયાન 'ૐ સૂર્યાય નમઃ' બોલવું જોઈએ. છેલ્લે ઓછામાં ઓછું ત્રણ વખત ગાયત્રી મંત્રનો જાપ અવશ્ય કરી લેવો જોઈએ.

સાસુ-વહુની વચ્ચે હંમેશા ઝઘડા થવાની સ્થિતિમાં વહુએ દેવી દુર્ગા અથવા માતાજીના મંદિરમાં ગૌરીને પીળા લાલ રંગની સાડી અર્પિત કરવી. ત્યાર બાદ તે જ સાડી પોતાની સાસુને ભેટ કરી દો.

સાસુ-વહુ વચ્ચે હંમેશાં ઝઘડો થવાની સ્થિતિમાં ફેંગશુઇની પદ્ધતિ અપનાવીને બંનેની હસતી હોય તેવો ફોટો -તસવીર ફ્રેમ કરીને ઘરના મુખ્ય રૂમમાં મૂકી દેવી. વાસ્તુ શાસ્ત્ર અનુસાર તેને ઘરના નૈઋત્ય કોણ અને પશ્ચિમ દિશામાં લગાડવી. ફ્રેમ લાલ રંગની હોવી જોઈએ.

ઘરમાં ચંદનની કોઇ મૂર્તિ બધાની નજર જાય એવી જગ્યાએ રાખવી તેનાથી સાસુ-વહુ વચ્ચે મધુરતા કાયમ રહે છે. જો કોઇ ઝઘડાળુ સાસુ અથવા ઝઘડાળુ વહુ હોય તો તેનું માથું કયારેય પણ પૂર્વ દિશા તરફ ના રાખવું જોઈએ. તેનું માથું દક્ષિણની તરફ અને પગ ઉત્તર તરફ હોવા જોઈએ. તેમણે તેજ મીઠું અથવા મસાલેદાર ખાવાનું ના ખાવું જોઇએ અને હા મીઠું (ગળ્યું) જરૂર ખવડાવવું જોઈએ.

જો કોઈ વહુને તેમની વાત બરાબર ના લાગતી હોય, તેમનું હંમેશા ટોકવું અને દરેક કામમાં મીન-મેખ નીકાળવાથી તે માનસિક તનાવમાં આવી જાય છે. આ સ્થિતિમાં વહુ સાસુ વચ્ચે મધુર સંબંધ બનાવવા માટે રવિવારે સવારે એક ભોજપત્ર લેવું. સ્નાન વગેરેથી પરવારીને તેના પર લાલ ચંદન પાણીથી મિકસ કરી સાસુનું નામ લખવું. ભોજપત્ર વીંટીને તેને મધની શીશીમાં ડુબોડી દેવું.

બીજે દિવસે સૂર્યાસ્તથી પહેલાં પીપળાના વૃક્ષની નીચે ભોજપત્રને દાટી દો. પીપળાની સામે ઊભા રહીને સાસુ સાથે સંબંધ મધુર થાય તેવી ઇચ્છા વ્યક્ત કરવી અને પોતાના તરફ પ્રેમભાવ દેખાડવામાં કોઇ કમી ના રહેવા દો. -- દરરોજ પહેલી રોટલી ગાય અને છેલ્લી રોટલી કૂતરાને ખવડાવવાથી પણ સાસુ પ્રસન્ન રહે છે. આ કારણે તે પણ ઘરની સુખ-સમૃદ્ધિ માટે પોતાની સાસુના બતાવ્યા મુજબ કરતી રહે છે. આમ કરવાથી તે એક રીતે પોતાની સાસુની આજ્ઞાનું પાલન કરે છે. રોટલી સંબંધિત બીજા ટુચકાના વખતે રોટલી બનાવતાં સમયે તવો ગરમ થયા હોય તેથી પહેલાં તેના પર ઠંડા પાણીથી છાંટા નાખવા પછી રોટલી બનાવવી.

**વહુ જો 12 લાલ અને 12 લીલી બંગડીઓ પોતાની સાસુને ભેટ આપે તો તેનાથી સાસુ સાથે મધુર સંબંધ થઇ જાય છે!**



--શનિવારના દિવસે સાસુ-વહુ માટે સૌથી વધુ શુભ માનવામાં આવે છે. આ દિવસે બંનેએ પીપળાના વૃક્ષને પાણી આપવું જોઈએ. ખાવાનું ખાતા સમયે ડાયનિંગ રૂમની જગ્યાએ રસોઇઘરનો ઉપયોગ કરવો જોઇએ.

-- સાસુ-વહુનો એકબીજાનો ઝઘડો કદમ્બના વૃક્ષની એક નાની ડાળીથી દૂર કરી શકાય છે. તેને રવિવારે સૂતાં પહેલાં પોતાના તકિયા નીચે રાખી દેવી જોઇએ.

-- વાસ્તુશાસ્ત્ર અનુસાર સાસુ અને વહુના રૂમમાં ઝરણાં અને નદીઓની તસવીર લગાડવી જોઈએ. ઘરની આંતરિક સાજ-સજ્જા તેમની વચ્ચેના સંબંધોમાં મધુરતા લાવે છે.

જયોતિષ દ્વારા બતાવવામાં આવેલી વિધિવત્ પદ્ધતિ અનુસાર સાસુ અને વહુ બંનેના ગળામાં સફેદ દોરામાં ચાંદીમાં ચંદ્ર (મોતી) પહેરવો જોઈએ. તેને સોમવારે બંને દ્વારા એક-બીજાને પહેરાવવું જોઈએ.

ઘરમાં પતિ-પત્નીનો સૂવાનો રૂમ પશ્ચિમ અથા દક્ષિણ દિશામાં હોવો જોઈએ. તો સાસુ- સસરાનો રૂમ દક્ષિણ-પશ્ચિમની દિશામાં હોવો જોઈએ. આ રીતે ઘરના વાતાવરણને શાંતિમય બનાવવા માટે ઉત્તર-પૂર્વ દિશામાં કચરાપેટી ના રાખવી જોઈએ. તેનાથી સાસુ-વહુ વચ્ચેના સંબંધ પ્રભાવિત થાય છે.

# ધનની કમીને દૂર કરવામાં સહદેવીના છોડના ટુચકા લાભકારક માનવામાં આવે છે!

ધનપ્રાપ્તિ માટે લોકો જાતજાતના ટુચકા, ઉપાય વગેરે કરતાં રહે છે. ભારતીય તંત્રશાસ્ત્રમાં ધનને આકર્ષિત કરવાના અદ્દભુત ઉપાય બતાવવામાં આવ્યા છે.તંત્ર અનુસાર કેટલાંક વૃક્ષ છોડ એવાં પણ હોય છે કે જેના થોડાક ઉપાય કરીને કોઇ પણ વ્યક્તિ ઇચ્છિત મનોકામનાઓ પૂરી કરી શકે છે. જો તમે પણ 'ધનવાન બનવા ઇચ્છતા હો' તો આ નાનકડો છોડ લઇને આ ઉપાય કરી લો, તેથી તમારી દરેક ઇચ્છા પૂરી થઇ જશે.

તંત્રશાસ્ત્ર અનુસાર 'સહદેવીનો છોડ' એક એવો ચમત્કારિક છોડ છે જેના ઉપાયથી કોઇ પણ ધનવાન બની શકે છે. સહદેવીનો છોડ એક નાનો, કોમળ છોડ જે એક ફૂટથી સાડા ત્રણ ફૂટ સુધીની ઊંચાઈનો હોય છે. છોડ ભલે નાનો અને કોમળ છે, પણ તંત્રશાસ્ત્ર અને આયુર્વેદમાં તે કોઇ મહારથીથી ઓછો નથી! તંત્રશાસ્ત્રમાં તેને ધન ખેંચનારો છોડના નામથી ઓળખાય છે.

**સહદેવી છોડના ઉપાયો**

સહદેવીનો છોડને રવિ-પુષ્ય નક્ષત્ર, પૂનમ અથવા અમાસ જેવા શુભ અવસરો પર પોતાના ઘરમાં લઇ આવવો. પૂનમના એક દિવસ પહેલાં સૂર્યાસ્તના સમયે સહદેવીના છોડને નિમંત્રણ આપીને આવવું કે 'કાલે સવારે હું તમને લેવા આવીશ.' બીજા દિવસે પૂનમના સૂર્યોદય પહેલાં પોતે સ્નાન કરીને છોડને ગંગાજળથી સ્નાન કરાવીને ધીરેથી ઉખાડીને ઘર લઇ આવવો. ઘરમાં તેને પંચામૃતથી સ્નાન કરાવીને વિધિવત્ ષોડશોપચાર પૂજન કરીને સિદ્ધ કરવો.

**સહદેવીના છોડના ઉપાયથી લાભ**

સહદેવીના છોડને સિદ્ધ કરેલા મૂળને લાલ રેશમી ચમકદાર કપડામાં વીંટીને તિજોરીમાં રાખવાથી ધનની કયારેય કમી, અછત, ઘટાડો આવશે નહીં, પરંતુ સતત ધન વધતું જ રહેશે.

રસોઇ ઘર અથવા અનાજ ભંડારમાં જો સહદેવીના મૂળને શુદ્ધ સ્થાન પર રાખવામાં આવે તો કયારેય અન્નની કમી નથી રહેતી.

ઘરના પૂજનના રૂમમાં સહદેવીની સ્થાપના કરવાથી ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે અને ઘરના બધા વાસ્તુદોષોને દૂર કરી દે છે. કોર્ટ-કચેરી અથવા કોઇ અન્ય વિવાદમાં ફસાયેલાં હોય અને ચુકાદો આવવાનો હોય તો સહદેવીના સિદ્ધ કરેલા મૂળને જમણા હાથમાં બાંધવું અથવા ખિસ્સામાં રાખવામાં આવે તો ચોક્કસ વિજય મળે છે. સહદેવીના પંચાંગનું ચૂર્ણ બનાવીને તિલક (ચાંલ્લો) કરવાથી તીવ્ર આકર્ષણ થાય છે. કોઇ સભામાં તેનું તિલક કરીને જવાથી લોકો તમારા પ્રત્યે વશ રહેશે.

સહદેવીના છોડનું પંચાંગ ચૂર્ણ જીભ ઉપર લગાડીને બોલવાથી વાક્ સિદ્ધિ થાય છે. હજારો લોક તમોને બસ ધ્યાનપૂર્વક સાંભળતાં જ રહેશે. આ છોડના મૂળ ડાળખી વગેરેથી કાજલ (મેંશ) લગાડીને જેની સામે જશો તે તમારી તરફ જ આકર્ષાશે.સહદેવીના છોડને છાયામાં સુકવીને તેનું ચૂર્ણ જેને તમે પાનમાં રાખીને ખવડાવી દો, તે તમારા વશીકરણ પાશમાં બંધાઈ જશે.

સહદેવીનાં મૂળિયાનું તિલક કરવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે.

સહદેવીનું લાકડું જમણી ભૂજામાં બાંધવાથી સમસ્ત પ્રકારના રોગ દૂર થઇ જાય છે.સહદેવીના છોડનાં બીજ મોટાં અને બાળકોની મૂત્ર સમસ્યાઓમાં ઉપચાર માટે પણ ઉપયોગી છે. દર્દભરેલી અને કિડનીની સમસ્યાઓને આ નાનકડો છોડ સ્વાભાવિક રૂપે દૂર કરી દે છે. આ ચમત્કારિક જડી બુટ્ટીથી કિડનીની પથરી પણ તૂટી શકે છે.



**તેના ટુચકાથી શત્રુ શાંત થઇ જાય છે. ઘરમાં હંમેશા સુખ-શાંતિ જળવાઈ રહે છે. ધન મેળવવા માટે તમામ પ્રકારના ઉપાય અને ટુચકા કરવામાં આવે છે. પરંતુ સહદેવીના છોડ સાથે સંકળાયેલા ટુચકા ઘણા જ અસરકારક અને ચમત્કારિક માનવામાં આવે છે! ધનવાન બનવા માટે પણ આ છોડના ટુચકાને ખાસ મનાય છે!!**

જડીબુટ્ટી
નજુમી

આ છોડનું લાકડું કે મૂળિયું ઘરમાં રાખવાથી બધા જ વાસ્તુ દોષ સમાપ્ત થઇ જાય છે. ઘરમાં પૂર્વ કે ઉત્તર ખૂણામાં સહદેવીનો છોડ મૂકવાથી વાસ્તુદોષ દૂર થાય છે અને ઘરમાં સમૃદ્ધિ આવે છે. સહદેવીનો સ્વાદ કડવો અને કુદરતી રીતે શુષ્ક હોય છે. તે પચવામાં સરળ છે અને તેમાં ઉચ્ચ શક્તિ છે.

જે લોકો અતિસાર રોગથી પીડાતાં હોય તેમણે સહદેવીના છોડનો ટુકડો એક લાલ દોરાની મદદથી કમરમાં બાંધી લેવાથી અતિસાર રોગ ઠીક થઇ જાય છે. સહદેવીનો છોડનો ટુકડો અભિમંત્રિત કરીને એક લાલ કપડાંમાં વીંટીને ઘરની તિજોરી કે વેપારના ગલ્લામાં રાખી દેવાથી ધીરે-ધીરે ધનની વૃદ્ધિ થવા લાગે છે.

જો કોઇ વ્યક્તિને કોઇ કાર્યમાં મન ના લાગતું હોય તો સહદેવીના ટુકડાને પુષ્ય નક્ષત્રમાં અભિમંત્રિત કરીને પોતાની પાસે રાખવાથી કાર્યમાં મન લાગે છે.જે બાળકો કંઠમાળના રોગથી પીડાતાં હોય તેને સહદેવીનું મૂળિયું અભિમંત્રિત કરીને ગળામાં ધારણ કરવાથી રોગનું શમન થાય છે.

જો તમે ઇચ્છતા હો કે સમાજમાં તમોને માન-સન્માન વધે તો સહદેવીના છોડને પીસીને દરરોજ કપાળ ઉપર તિલક લગાડવું અને ગણેશ સ્તોત્રનો પાઠ કરવો.

પ્રસવ-વેદનાઃ જો કોઇ સ્ત્રી પ્રસવવેદનાથી વ્યાકુળ હોય તો સહદેવીને લાલ દોરાથી તેની કમરમાં બાંધી દેવાથી સ્ત્રીને શીઘ્ર જ પીડાથી મુકત થઇ જાય છે. સાથે સાથે બીજો ઉપાય છેઃ પ્રસવ વેદનાથી પીડાતી સ્ત્રીને એકાક્ષી નારિયેળ સૂંઘાડવાથી પણ સરળ પ્રસવ થાય છે.

સંતાન-લાભ : સહદેવીનો આખો છોડ સુકવીને પછી ચૂર્ણ બનાવી લો. આ ચૂર્ણને ગાયના ઘીની સાથે માસિક ધર્મના પાંચ દિવસ પહેલાં અને પાંચ દિવસ પછી સ્ત્રીએ નિયમિતરૂપે સેવન કરવાથી સ્ત્રીને સંતાનની પ્રાપ્તિ થાય છે. શત્રુ સમર્પણઃ સહદેવી અને અપામાર્ગના રસને લોખંડના પાત્રમાં રાખીને સારી રીતે લસોટીને પછી તેનું તિલક કરીને શત્રુની સામે જવાથી શત્રુ તમારી સમક્ષ આત્મ સમર્પિત થઇ જાય છે.